# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-૧/૨૧-૨૨/૪૩૫૦-૩ તા.૨૦/૦૭/૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-** ૧૩/ક્વા-૧/૨૧-૨૨

અરજદાર: **હસનભાઈ જેમલભાઇ રાઉમા** ગામ: **રાજકોટ**

પેટા વિભાગીય કચેરી : પારડી

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર: ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી એમ.એ.ચાવડા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર)

૧.૦ **સદર કેસની સુનાવણી તા.૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર જણાવે છે કે તેઓના પારડી પેટાવિભાગીય હેઠળ શાપર ગામની પાછળ – આદર્શ સોસાયટી મકાન નં – એ-૬૬-એ નું મકાન આવેલ છે જેમાં ગ્રાહક નં–૬૧૯૧૦-૦૧૧૪૦-૧ થી વીજજોડાણ ધરાવે છે. સદર મકાન છેલ્લા ૦૬ વર્ષ થી બંધ હોય સદર જોડાણનું મીટર ભાડા મુજબનું બીલ ભરપાઈ કરેલ છે. પરંતુ કોઈપણ કારણોસર માહે જાન્યુ.-ફેબ્રુ-૨૦૨૧નું વીજબીલ રૂ.૨૩૨૭૧/- આવેલ છે જે મીટર ખરાબ હોવાથી**

આવેલ જણાય છે. સદર બીલની રકમ અરજદાર દ્વારા ભરપાઈ કરી દીધેલ છે અને મીટરના લેબ રીપોર્ટની નકલ પણ રજુ કરેલ છે. આમ અરજદાર દ્વારા સદર વધુ આવેલ બીલની રકમ મજરે આપવા ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે પારડી પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક શ્રી હસનભાઈ જેમલભાઇ રાઉમાની તેઓના વીજબીલ ગ્રાહક નંબર ૬૧૯૧૦-૦૧૧૪૦-૧ માં માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૧ નું બિલ વધારે આવેલ હોય લેબ રીપોર્ટ મુજબ પરત આપવાપાત્ર રકમ વહેલીતકે પરત આપવા બાબતની તા.૦૯.૦૬.૨૦૨૧ ની ફરિયાદી અરજી અત્રેની કચેરીને મળેલ છે જે અંગે જમા આપવાપાત્ર રકમ રૂ.૨૨૪૮૫/- ચેક નંબર ૩૮૦૪૧૮ થી આર.ટી.જી.એસ. પેમેન્ટ દ્વારા તા.૩૦.૦૬.૨૧ ના રોજ અરજદારને પરત આપેલ છે જે મુજબ અરજદારે ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા સમાધાન પુરસીસ માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર પારડી પેટાવિભાગીય હેઠળ શાપર ગામની પાછળ – આદર્શ સોસાયટી મકાન નં – એ-૬૬-એ નું મકાન આવેલ છે જેમાં ગ્રાહક નં–૬૧૯૧૦-૦૧૧૪૦-૧ થી વીજજોડાણ ધરાવે છે. સદર મકાન બંધ હોવા છતાં માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૧ તા.૦૧-૦૩-૨૧ ના વીજબિલમાં ૩૩૨૯ વીજયુનિટનું બીલ રૂ.૨૩,૨૩૮.૯૧/- આવેલ જે બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારનું સદર મીટર તા.૦૯-૦૩-૨૧ ના રોજ બદલાવીને મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં તા.૧૨-૦૩-૨૧ ના રોજ ચકાસણી કરવામાં આવેલ હતું. જેના રીપોર્ટ મુજબ મીટર ફોલ્ટી છે. ત્યારબાદ અરજદારની ફરિયાદ અન્વયે લેબ રીપોર્ટ મુજબ મીટર ક્ષતિગ્રસ્ત હોય કંપનીના નિયમ મુજબ રૂ.૨૨૪૮૫/- ચેક નં – ૨૮૦૪૧૮ તા.૩૦-૦૬-૨૧ થી આર.ટી.જી.એસ. કરેલ છે. જે અનુસંધાને અરજદારની ફરિયાદનુ નિરાકરણ થતા અરજદારે તા.૦૯-૦૭-૨૧ ના સમાધાનપત્ર માં લેખિત સહી કરી આપેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબની વિગતે અરજદારની ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થયેલ હોય અત્રે ના ફોરમ દ્વારા કંઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |